**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૦ ટકા



ગાંધીનગર શહેરના સેકટર-૧૨ માંથી સેકટર-૯ માં તરફ જવાના માર્ગ પર આજે સવારના સુમારે અચાનક વર્ષો જુનુ બાવળનું વૃક્ષ ધરાશાઈ થઈ ગયું હતું. વૃક્ષ માર્ગની વચ્ચે પડ્યું હતું, જો કે સદનસીબે કોઈ તે સમયે ત્યાંથી પસાર ન થતા માલહાની અને જાનહાની ટળી હતી. પરંતુ વૃક્ષને પગલે થોડા સમય માટે વાહન-વ્યવહાર અટકી ગયો હતો. વાહન ચાલકોને અન્ય સ્થળેથી જવાની ફરજ પડી હતી. જયારે તંત્ર દ્વારા તેને તાત્કાલીક અસરથી હટાવી દેવામાં આવ્યું હતું.

# 'જ' માર્ગ પર બે ગાયને કારની ટકકર : એકનું મોત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના 'જ' માર્ગ પર એક કારની ટકકરથી ઘાયલ થયેલ ગાયનું મુકિતધામના સ્ટાફ દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જો કે આ ગાયની ઈજાઓ વધુ ગંભીર હોવાથી તે મૃત્યુ પામતા અંતે તેની વિધિવત દફનવિધિ કરવામાં આવી હતી.

ગઈ કાલે સાંજે 'જ' માર્ગ પર સંસ્કૃતિ કુંજ પાસે એક પુરપાટ વેગે દોડતી કારે બે ગાયને ટકકર મારી હતી. જેમાં એક ગાયને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ ઘટના અંગે અકસ્માત સ્થળે હાજર બે યુવતિઓ તથા વડીલોએ મુકિતધામ ખાતે જાણ કરતા શહેરના મુકસેવક જીલુભા ધાંધલ તથા મુકિતધામ ખાતેની મનપાની ટીમ લઈને ઘટના સ્થળે ધસી ગયા હતા. આ સાથે તેમણે ગંભીર રીતે ઘાયલ થયેલ ગાયને મુકિતધામ ખાતે લાવી તેની સારવાર કરી હતી તથા જરુરી દવા આપી હતી.જો કે વહેલી સવારે આશરે ૫ વાગ્યાની આસપાસ આ ગાય તેની ગંભીર ઈજાને કારણે મોતને ભેટી હતી. મુકિતધામના સ્ટાફ દ્વારા જેસીબીથી ખાડો ખોદાવી ભૂદેવને બોલાવી વિધિવત રીતે સન્માન પૂર્વક ગાયની દફનવિધિ કરવામાં આવી હતી.



# ગાંધીનગરમાં આજે મેગા જોબફેર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા મેગા જોબફેરનું આયોજન તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૮ના રોજ સવારના ૧૦.૩૦ કલાકથી બ્રહ્મ સમાજ ભવન, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ જોબફેરમાં ધોરણ-૧૦,૧૨, આઈ.ટી.આઈ અને ગ્રેજ્યુએટ થયેલા નોકરી વાચ્છુક યુવાનો ભાગ લઈ શકશે.

મેગા જોબફેરમાં ઔદ્યોગિક ક્ષેત્રો વિવિધ સેકટરો જેવા કે મેનુફેકચરીંગ, બેન્કિગ-ફાઈનાન્સ, સેલ્સ એન્ડ રીટેઈલ, આઈ.ટી., સિક્યુરીટી સર્વિસીસ વગેરેમાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ કરાવી રોજગારી પૂરી પાડી શકાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ જોબફેરમાં અરવિંદ મીલ, કિચન એક્ષપ્રેસ, શ્રીરામ ટ્રાન્સપોર્ટ, અલ્ફાબીટ જેવી ૧૭ કંપનીઓ ભાગ લેશે. ભાગ લેનાર ઉમેદવારોએ ફકત બાયોડેટાની ઓછામાં ઓછી પાંચ નકલ સાથે લઈને આવવાનું રહેશે, તેવું રોજગાર અધિકારીએ જણાવ્યું છે.



## એની ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રમિક પરિવારોને ખીચડીનું વિતરણ

એની એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૧ ગાંધીનગર દ્વારા શ્રમિક વિસ્તારમાં દર શનિવારના રોજ ખીચડી અને દર ગુરુવારના રોજ બુંદી-ગાંઠીયાનું વિતરણ કરવામાં આવે છે. અન્નદાન ઉપરાંત શ્રમિક વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોના ભાઈ-બહેનો તેમજ બાળકોને ચંપલ, કપડા, દવાઓ સહિતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. જયારે આરોગ્યલક્ષી સેવાઓ કરી સમાજના ઉત્થાનની કામગીરી કરવામાં આવે છે. જેને અનુલક્ષી શિક્ષણક્ષેત્રે નામાંકીત ચિલ્ડ્રન યુનિવર્સીટી સે-૨૦ ગાંધીનગરના રજીસ્ટ્રાર, અધિકારીગણ, કર્મચારીગણના માર્ગદર્શન અને સહકારથી ચિલ્ડ્રન યુનિવર્સીટી હસ્તક ચાલતા પ્રશિક્ષણ વર્ગોની સગર્ભા બહેનોને ચણા તથા મગનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંગે એની ચેરીટેબલ ટ્રસ્ટે ચિલ્ડ્રન યુનિવર્સીટી સેકટર-૨૦ નો આભાર વ્યકત કર્યો હતો.

# સે-૨૪ ચાર રસ્તા પાસે બાઈક ચલાવવાની બાબતે યુવકને કમરપટ્ટાથી માર માર્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ચાર રસ્તા પાસે બાઈક ચલાવવાની બાબતે સામાન્ય માથાકુટ સર્જાઈ હતી. જેમાં સે-૨૪ ના ત્રણ યુવાનોએ પેથાપુરના યુવાનને આંતરીને કમરપટ્ટાથી માર માર્યો હતો. યુવાનને ઈજા થતા સારવાર માટે લાઈ જવાયો હતો. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં યુવાનો બેફામ ગતિએ વાહનો હંકારે છે. ઘ-૪ વિસ્તારમાં મોંઘાદાટ બાઈકો લઈને અવનવા સ્ટંટ કરતા પણ નજરે પડે છે. ત્યારે ગઈરાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં સે-૨૪ ચાર રસ્તા પાસો પેથાપુરનો યુવાન સુરેન્દ્રસિંહ વાઘેલા બાઈક લઈને જઈ રહ્યા હતા. તો દરમિયાન સે-૨૪ ના હર્ષવર્ધન પરમાર, કિરણ પરમાર, અને ભાવેશ પરમાર(તમામ રહે સે-૨૪) સાથે બાઈક ચલાવવા અંગે માથાકુટ થઈ હતી. ત્યારબાદ સુરેન્દ્રસિંહ બાઈક લઈને નીકળી ગયા હતા.જયારે ત્રણેય યુવાનોએ સુરેન્દ્રસિંહનું બાઈક આંતરી કમરપટ્ટાથી માર માર્યો હતો. યુવાનને ઈજા થતા સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાંધેજા હોસ્પિટલ ખાતે ઓર્થોપેડીક કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા ગામની શેઠ શ્રી નાથાલાલ નાગરદાસ સાર્વજનીક હોસ્પિટલ અને શ્રીમતી સંતોકબેન ગીરધરલાલ પ્રસુતીગૃહ ખાતે આગામી તા. ૧૪ જુલાઈને શનિવારના રોજ બપોરે ૧ થી ૪.૩૦ કલાક દરમિયાન હાડકાના નિદાનનો કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં કમરના દુખાવા, હાથ-પગના સાંધાના દુખાવા, ઢીંચણના સાંધાના દુખાવા, ગરદન અને ખભ્માનો દુખાવો, થાપાના ઘસારા અને દુખાવાનું નિદાન કરવામાં આવશે. હાંડકાના વિવિધ દુખાવાથી કણસી રહેલા દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા હોસ્પિટલ તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. તે ઉપરાંત હોસ્પિટલમાં આઈઆઈટીવી મશીનની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેના દ્વારા જનરલ સર્જન ડોકટર્સ તથા ઓર્થોપેડીક ડોકટર્સ દ્વારા અદ્યતન ઓપરેશન થીયેટરમાં આધુનિક સાધન સામગ્રી સાથે રાહત દરે ઓપરેશન કરવામાં આવશે.



## જિલ્લા રોલબોલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગરના સેકટર-૮માં તાજેતરમાં રોલબોલ એસોસિએશન દ્વારા જિલ્લા કક્ષાની રોલબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બોયઝ કેટેગરીમાં ગાંધીનગરની બીએસકે-૮એ ટીમે બોયઝ કેટેગરીમાં પ્રથમ અને બીએસકે-૮-બી ટીમે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત ગર્લ્સ કેટેગરીમાં પણ બીએસકે-૮એ ટીમ પ્રથમ અને બીએસકે-૮બી ટીમ તૃતીય સ્થાને વિજેતા બની હતી.







ગાંધીનગરના સેકટર-૭ ખાતે સરકારી શાળાના સંકુલમાં લાયોનેસ કલબ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જાંબુ, લીમડો, ચંપો, બોરસલી વગેરે વૃક્ષો વાવ્યા હતા. આ સાથે એસબીવીપીના ભાવનાબેન પાઠકના સહયોગથી શાળા ખાતે પ્રવેશોત્સવ પણ ઉજવાયો હતો. જેમાં બાળકોને સ્લેટ, પેન, કંપાસ, પુસ્તક વગેરેની કીટ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે લાયોનેસ પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ, મંત્રી પ્રિતીબેન શર્મા, પ્રોજેકટ ચેરમેન અંજલિબેન ભટ્ટ ઉપરાંત રીટાબેન સોલંકી, સંસ્થાના પૂર્વ હોદેદારો તથા મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા જાગૃતિબેન કડીયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કર્યું હતું.

# સે-૮ માં ભાડુઆતે મકાન માલિકને જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૮ માં મકાન માલિકને ભાડુઆતે ઘરમાં પ્રવેશતા રોકીને મકાન ખાલી નહીં થાય તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપતા મકાન માલિકે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ તાજ હોટલ ઉમેદની પાછળ એક સોસાયટીમાં રહેતા પ્રકાશ ગોપીચંદ રામરખીયાણીએ સેકટર-૮માં આવેલ પોતાનું મકાન નં-૧૫૪ લીઝ એગ્રીમેન્ટથી ૧૧ માસના કરાર આધારીત ભાડાપટ્ટે મુળ. રહે. ભારતીનગર, માધવનગર ભાવનગરના વતની વિજયભાઈ હરીભાઈ ટાંક ને આપ્યું હતું. ત્યારે ગત્ તા.૨૨-૨-૧૮ ના રોજ પ્રકાશભાઈ પોતાના મકાન સેકટર-૮ ખાતે આવ્યા હતા. અને ભાડુઆતને મકાન ખાલી કરવાનું કહ્યું હતું.ત્યારે ભાડુઆતે મકાન માલિકને ઘરમાં પ્રવેશતા રોકીને પથરો તેમજ લાકડી લઈને સામે થઈ ગયા હતા. અને અપશબ્દો બોલીનો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને પગલે પ્રકાશ ગોપીચંદ રામરખીયાણીએ સે-૭ પોલીસ મથકે અરજી આપી હતી. ત્યારબાદ મકાન માલિકે ભાડુઆત સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘની સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૯

આજે ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘની સાધારણ સભા સરગાસણ ચાર રસ્તા પાસે વૃંદાવન હોટલે ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં તાલુકાના બાળકો નિયમિત શાળાએ આવતા થાય અનો બાળ મજદૂરીનું પ્રમાણ ઘટે તે અંગે ચિંતન કરાયું હતું.

ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘની બેઠકમાં તાલુકાની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં ઉત્તમ શિક્ષણ ઉપરાંત ઉતર પ્રવૃત્તિઓ જેવી કે માસિક આરોગ્ય ચકાસણી, વ્યકિતત્ત્વ વિકાસ, રમતગમત પ્રવૃત્તિ, વકતૃત્વ કળા વગેરે વિકસે તેમજ શાળાએ નિયમિત આવતા થાય તો બાળ મજદૂરીનું પ્રમાણ પણ ઘટે તે હેતુસર ચર્ચા હાથ ધરાઈ હતી. આ સાથે સભામાં ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘમાં તાલુકા સંઘ વતી શૈલેષભાઈ પટેલ પ્રમુખ અથવા મંત્રીપદ માટે દાવેદારી નોંધાવે તેવું ઠરાવવામાં આવ્યું હતું. જે અંગેની માહિતી ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ સુરેશભાઈ ચૌધરીએ અખબારી યાદીમાં જણાવી છે.



# બે બાળકો સાથે ભટકતી અસ્થિર મગજની અજાણી મહિલાની વહારે ચિલોડા પોલીસ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલે રાત્રીએ એક અજાણી મહિલા બે બાળકો સાથે તુટી ફુટી ભાષા બોલી ભટકી રહી હતી. ભાષાથી સમજણ ન પડતા ત્રણેક યુવતીઓએ આ મહિલાને ચિલોડા પોલીસને સોંપી હતી. ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલા, હેડ કોન્સ્ટેબલ મોહનભાઈ, સુરસિંહ તથા પો. કોન્સ્ટેબલ જતીનકુમાર અને જયંતિભાઈએ મહિલાની બાબત હોઈ ગંભીરતાથી રસ લઈ તપાસ હાથ ધરી હતી. જેમાં મહિલા માનસિક અસ્થિર જણાઈ આવી હતી તોની પાસેની થેલી તપાસતા તેમાંથી મોબાઈલ નંબર મળ્યો હતો જે નંબર ઉપર ફોન કરતા કોઈ ઉપાડતું નહોતું જેથી મહિલાની પુછપરછ કરી હતી. જેમાં તુટી ફુટી ભાષામાં તે નેપાલથી આવી હોવાનું અને ક્રિશ્ના નામ હોવાનું જાણવા મળ્યું હતું. તેના મોબાઈલના સીમકાર્ડ અંગે તપાસ કરતા તે અમદાવાદનો અને એક હોટલનું સરનામું જણાયું હતું. જે હોટલમાં પોલીસે ફોન કરી હોટલમાં કામ કરતા નેપાળી પાસેથી અન્ય નંબરો મેળવી વોટસએપ ઉપર ફોટા મોકલી આપ્યા હતા. જેમાં આ મહિલાનો પતિ રીંગરોડ ઉપરની એક હોટલમાં કામ કરતો હતો જેનો સંપર્ક કરી ચિલોડા પોલીસ સ્ટેશને બોલાવી વિગતો મેળવી હતી અને તેને તેની પત્ની તથા બે બાળકો સુપરત કર્યા હતા.




જેમાં પત્ની માનસિક અસ્થિર હોઈ તેને સારવાર અર્થે બોલાવી હતી. જે નાના ચિલોડાના બદલે પ્રાંતિજ પહોંચી ગઈ હતી. જયારે તેનો પતિ નાના ચિલોડા રાહ જોઈને બેસી રહ્યો હતો તેમજ તેની પત્નીનો ટેલિફોનિક સંપર્ક થઈ શકતો ન હતો. દરમિયાન આ મહિલા પ્રાંતિજથી ચિલોડા આવીને ભટકી રહી હતી. ચિલોડા પોલીસે તમામ માહિતી એકત્ર કરી રાત્રીના જ આ મહિલા તથા બે બાળકોને તેના પતિને સોંપ્યા હતા. પોલીસની સરાહનીય અને ત્વરીત પ્રસંશનીય કામગીરીથી એક મહિલાની જીંદગી અને બે બાળકોનું ભવિષ્ય બચી જવા પામ્યું હતું.

# લેહ લદાખ બુલેટ સવારીમાં ગાંધીનગરના ૧૯ સવારો જોડાયા






ગાંધીનગર, તા.૯

મેટલ હેડ રાઈડર્સ કલબ ગાંધીનગર દ્વારા એક અત્યંત સાહસિક બુલેટ રાઈડનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવારે સવારે છ વાગ્યે આ બુલેટ સવારોને ચૈતન્ય નિમાવત, ફુટબોલ કોચ જતીન ભાવસાર અને સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના ૧૯ બુલેટ સવારો જીતેન્દ્ર જોબનપુત્રા, વિનય નથવાણી, દિગ્વિજયસિંહ રાઓલ, ભરતસિંહ રહેવર, પિયુષ નથવાણી, હિરેન જોશી, હર્ષા જોશી, અભય રૂપારેલ, કેયુર કોલાડીયા, જયેન્દ્રસિંહ સોલંકી, દર્શીક ગજ્જર, જીગર પટેલ, નિખીલ શાસ્ત્રી, નરેન્દ્ર, નિશાંત જોશી, હરદિપસિંહ જાડેજા, રાકેશ સિંઘવ, શ્રેયસ શાહ અને સુરજ મહેરીયા જોડાયા હતા.

આ બુલેટ રાઈડ ગાંધીનગર-અજમેર-દિલ્હી-ચંદીગઢ-મનાલી-રોહતાંગ-કેલોંગ-લેહ-ચાંગલા-પેંગોગ-સ્પોક-નુબ્રા વેલી-તુર્તક-ખરદુગલાથી ગાંધીનગર ૨૨ જુલાઈએ પરત આવશે. ૧૭ દિવસની આ રાઈડમાં લગભગ ત્રણ હજાર કિમીની સાહસિક યાત્રા તેઓ કરશે. મેટલ હેડ બુલેટ રાઈડર્સ કલબના રાજેન્દ્રસિંહ સોલંકી અને જયેન્દ્રસિંહ સોલંકીએ આ કપરી યાત્રાનું આયોજન કર્યું છે. આ બુલેટ રાઈડર્સને શુભેચ્છા આપવા મોટી સંખ્યામાં બુલેટ લવર્સ હાજર રહ્યા હતા.

# કડી કેમ્પસની હોસ્ટેલની વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં ઉચ્ચ શિક્ષણ ઉમિયા કુમાર છાત્રાલયની વાલી મિટીંગ તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠક કેમ્પસના ખિમજી વિશરામ હોલ ખાતે યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ ભાગ લીધો હતો. આ બેઠકમાં હોસ્ટેલ વ્યવસ્થાપકોએ વાલી તથા છાત્રોની આચારસંહિતા, છાત્રોના વધુ સારા અભ્યાસ અને સંસ્કાર ઘડતર તેમજ કારકિર્દી ઘડતરની વાતો અસરકારક રીતે સમજાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર મનોજકુમાર કચરાજી, ઉ.વ. ૩૧
- સ્વ. હિરાબેન જયંતિલાલ મુર્તિ, ઉ.વ. ૬૨
- સ્વ. અંબિકાકુમારી ગોવિંદન નાયર, ઉ.વ. ૬૩
- સ્વ. ઈશ્વરજી ચૂંથાજી ઠાકોર, ઉ.વ. ૬૧
- સ્વ. મકવાણા ગોમતીબેન ચીમનભાઈ, ઉ.વ. ૪૨
- સ્વ. બિહોલા મનુબેન પૃથ્વીસિંહ, ઉ.વ. ૬૫